ભારે વરસાદના કારણે જમ્મુ-શ્રીનગર હાઇવે બંધ

જમ્મુ, તા. 3 (PTI): જમ્મુ અને કાશ્મીરના સરહદી જિલ્લા રાજૌરી સહિત વ્યાપક વિસ્તારોમાં ભારે વરસાદ થતાં સોમવારે સાંજે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર સ્થગિત કરી દેવામાં આવ્યો હતો. આ સાથે જ રાજૌરી વહીવટીતંત્રે પૂરની શક્યતા ધરાવતા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અપીલ કરતી ચેતવણી જાહેર કરી છે. ટ્રાફિક પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, ઉધમપુર જિલ્લાના સામરોલી વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઇવે (એનએચ-44)નો એક ભાગ સતત વરસાદને કારણે ખૂબ જ કાદવ-કીચડવાળો અને લપસણો બની ગયો હતો, જેના કારણે સાંજે 5 વાગ્યાની આસપાસ બંને લેન પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશે હસીનાના મીડિયા સંબોધન અંગે ભારત પાસે સ્પષ્ટતા માગી

ઢાકા, તા. 3 (PTI) બાંગ્લાદેશમાં તેમની સરકારને ઉથલાવી દેવાના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે બુધવારે નવી દિલ્હીમાં પદભ્રષ્ટ વડાં પ્રધાન શેખ હસીનાની આયોજિત પત્રકાર પરિષદ અંગે ભારત પાસે તેના વલણની સ્પષ્ટતા માંગી છે. એમ અહીંના એક મંત્રીએ સોમવારે જણાવ્યું હતું. મીડિયા બ્રીફિંગને સંબોધતાં વિદેશ રાજ્ય મંત્રી શમા ઓબેદ ઇસ્લામે કહ્યું હતું કે, ભારતીય ભૂમિ પરથી હસીનાની જાહેર રાજકીય પ્રવૃત્તિઓ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર નકારાત્મક અસર પાડી શકે છે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, 78 વર્ષીય હસીના નવી દિલ્હીમાં 5 ઓગસ્ટે 'ફોરેન કોરસપોન્ડન્ટ્સ ક્લબ ઓફ સાઉથ એશિયા' (એફસીસી સાઉથ એશિયા) દ્વારા આયોજિત એક ખાનગી કાર્યક્રમમાં વર્ચ્યુઅલ રીતે જોડાય તેવી શક્યતા છે. આ કાર્યક્રમમાં હસીનાના અમેરિકા સ્થિત પુત્ર સજીબ વાજેદ જોય, પૂર્વ શિક્ષણ મંત્રી મોહિબુલ હસન ચૌધરી નોફેલ અને બાંગ્લાદેશ હ્યુમન રાઇટ્સ વોચના જનરલ સેક્રેટરી મહમ્મદ અલી સિદ્દીકી પણ જોડાશે.

પેજ 3

ભૂતકાળને ધ્યાને લઇ તેની ટીકા કરનારાઓને કંગનાએ કહ્યું : હું જાગૃત હિન્દુ બનવા માંગું છું

નવી દિલ્હી, તા. 3 : અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રનૌતે આજે સોમવારે જણાવ્યું હતું કે, તે પહેલા સામાન્ય હિન્દુ હતી અને હવે પોતાનામાં બદલાવ લાવીને એક જાગૃત હિન્દુ બનવા માંગે છે. ઇન્સ્ટાગ્રામ પરના એક વીડિયોમાં, તેણે એક અભિનેત્રી તરીકેના તેના ભૂતકાળને ધ્યાનમાં રાખીને તેના વર્તમાન વલણ પર સવાલ ઉઠાવનારાઓની ટીકા કરી હતી. મને મેણાં મારવામાં આવે છે કે, 'તમે ક્યારે સંઘી બની ગયા' હું ભાજપ અને આરએસએસની વિચારધારા અપનાવવા માંગું છું, જે એક જાગૃત હિન્દુ વિચારધારા છે. હું કેમ ના કરી શકું. જ્યારે હિન્દુ દીકરીઓની વાત આવે છે, ત્યારે સમાજના કહેવાતા રક્ષકો મારા એક દાયકા પહેલાંના જીવન અંગે કહે છે, 'તમે પાર્ટીઓ કરતા હતા.' હા, હું કરતી હતી પણ હવે હું બદલવા માંગું છું.

ખતરો કે ખિલાડીમાં ભયાનક સ્ટંટ પછી ગૌરવ ખન્નાએ રબર બુલેટનાં નિશાન બતાવ્યાં

મુંબઈ, તા. 03 : 'ખતરોં કે ખિલાડી 11'માં એક દર્દનાક સ્ટંટ દરમિયાન થયેલી ઈજાઓની ઝલક શેર કર્યા પછી અભિનેતા ગૌરવ ખન્નાએ ફેન્સને ચિંતામાં મૂકી દીધા છે. આ ટાસ્ક પછી અભિનેતાએ તેની પીઠ પર લાગેલી ગોળીઓનાં અને ઈજાનાં નિશાન બતાવ્યાં હતાં, જેને જોઈને દર્શકો પણ આ પડકારની મુશ્કેલીનો અંદાજ લગાવી શકે છે. તાજેતરના એપિસોડમાં ગૌરવ ખન્ના, વિશાલ આદિત્ય સિંહ, શગુન શર્મા અને કરણ વાહીએ એક ખતરનાક સ્ટંટ કર્યો હતો જેમાં ચારેય સ્પર્ધકો ઘાયલ થયા હતા. ગૌરવે ટાસ્ક દરમિયાન થયેલી ઈજાઓ દર્શાવતો એક વીડિયો શેર કર્યો હતો.

હિંદુત્વવાદી કાર્યકરોના વિરોધ વચ્ચે કોમેડિયન કુણાલ કામરાએ બેંગલુરુ શો રદ કર્યા

બેંગલુરુ, તા. 3 (પીટીઆઈ): હિંદુત્વવાદી કાર્યકરોના તીવ્ર વિરોધને પગલે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ અહીં વાઇટફિલ્ડ ખાતેના પ્રસ્તાવિત શો રદ કર્યા છે. પોલીસે જણાવ્યું કે, કામરાએ ખુદ રવિવારે રૂબરૂ પોલીસ સ્ટેશનની મુલાકાત લઇને અધિકારીઓને જાણ કરી હતી કે હિંદુત્વવાદી કાર્યકરોના વિરોધને કારણે તેઓ તેમના નિર્ધારિત શો નહીં કરે. કામરાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવારના શો કોરમંગલાના એક સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં હિંદુ રાષ્ટ્ર સમન્વય સમિતિએ કાયદો અને વ્યવસ્થા તથા ધાર્મિક સૌહાર્દ સામે જોખમ હોવાનું ટાંકીને વાઇટફિલ્ડ ખાતે યોજાનાર કામરાના સ્ટેન્ડ-અપ પર્ફોર્મન્સને રદ કરવા માટે પોલીસને અરજી આપી હતી.

ઉત્તર પ્રદેશમાં શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે કાશીથી લઇને મથુરા સુધીના તમામ શિવ મંદિરોમાં ભારે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો અને 'બમ બમ ભોલે'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં સવારની મંગળા આરતી બાદ દર્શન શરૂ થતાં જ સવારે સાત વાગ્યા સુધીમાં 2.25 લાખથી વધુ ભક્તોએ જલાભિષેક કર્યો હતો અને સમગ્ર દિવસ દરમિયાન આશરે આઠ લાખ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા હોવાનો અંદાજ છે. મથુરાના ઐતિહાસિક ભૂતેશ્વર મહાદેવ મંદિર તેમજ મુઝફ્ફરનગરના ચિંતાહરણ મહાદેવ સહિતના મંદિરોમાં પણ વહેલી સવારથી જ ભક્તોની લાંબી લાઈનો લાગી હતી.

E20 પેટ્રોલ મુદ્દે કેજરીવાલ આજે પીએમ આવાસ તરફ કૂચ કરશે

સરકાર ટ્રમ્પના દબાણ હેઠળ ઇથેનોલ મિશ્રિત બળતણને પ્રોત્સાહન આપતી હોવાનો કેજરીવાલનો આક્ષેપ

નવી દિલ્હી, તા. 03 (PTI) : આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સોમવારે જણાવ્યું હતું કે તેઓ E20 પેટ્રોલ સામે પિટિશન (અરજીઓ) જમા કરાવવા માટે મંગળવારે 100 લોકો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન તરફ કૂચ કરશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણ હેઠળ આ ઈથેનોલ મિશ્રિત બળતણને પ્રોત્સાહન આપી રહી છે.

કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભારતે અમેરિકા પાસેથી ઈથેનોલ ખરીદવા માટે ટ્રમ્પ સામે ઝૂકી ગયું છે અને તેમણે ઉમેર્યું કે સરકાર દ્વારા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને સતત પ્રોત્સાહન આપવું એ દર્શાવે છે કે આની પાછળ કોઈ છુપો એજન્ડા છે. એક પત્રકાર પરિષદમાં કેજરીવાલે કહ્યું, જનતા દ્વારા સહી કરાયેલી પિટિશન વ્યક્તિગત રીતે સુપરત કરવા અને ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ સંબંધિત સમસ્યાઓ અંગે ચર્ચા કરવા માટે હું આવતીકાલે 100 લોકો સાથે વડાપ્રધાનના નિવાસસ્થાને જઈશ. લોકોને તેમના વાહનોમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે અને આ બધું હોવા છતાં સરકાર તેને ચાલુ રાખી રહી છે, જેનો અર્થ એ છે કે આમાં કોઈ છુપો એજન્ડા છે.

બીજી તરફ, દિલ્હી ભાજપના પ્રમુખ હર્ષ મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નિવાસસ્થાન તરફ કૂચ કરવાની કેજરીવાલની જાહેરાત તેમની અને કોંગ્રેસ વચ્ચે દેશના 'નંબર 1 અરાજકતાવાદી' કોણ બની શકે તે માટે ચાલી રહેલી હરીફાઈનો જ એક ભાગ છે.

લોકોનો રોષ વધી રહ્યો છે: E20 પેટ્રોલ અંગે કોંગ્રેસે કહ્યું

નાગપુરમાં ગડકરીના ઘર સુધી કૂચ કરવાનો યુવક કોંગ્રેસનો પ્રયાસ

નવી દિલ્હી, તા. ૩(પીટીઆઈ): કોંગ્રેસે સોમવારે જણાવ્યું હતું કે દેશભરમાં E20 પેટ્રોલના રોલઆઉટ પર લોકો જવાબદારી અને પારદર્શિતાની માંગ કરી રહ્યા છે, પરંતુ મોદી સરકારના મંત્રીઓ તેના નુકસાનરહિત હોવા અંગે કોઈને મનાવવામાં અસમર્થ છે કારણ કે આ અંગે કોઈ વાસ્તવિક ડેટા કે અહેવાલો અસ્તિત્વમાં નથી.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે ૨૯ જુલાઈના રોજ સાંસદમાં E20 પેટ્રોલના દેશવ્યાપી રોલઆઉટ અંગે કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીનો જવાબ ઉકેલ આપવાને બદલે વધુ પ્રશ્નો ઉભા કરે છે.

ગડકરી દાવો કરે છે કે વર્ષોના વૈજ્ઞાનિક પરીક્ષણ પછી E20 રોલઆઉટ કરવામાં આવ્યું છે અને વાહનોને વ્યાપક નુકસાન થવાના કોઈ પુરાવા નથી, રમેશે આ બાબત તરફ ધ્યાન દોર્યું હતું. મહિનાઓથી, દેશભરના ગ્રાહકો અને મિકેનિક્સ અહેવાલ આપી રહ્યા છે: માઈલેજમાં ઘટાડો; એન્જિનના પ્રદર્શનમાં સમસ્યાઓ; તેમના વાહનો પર E20 બળતણની લાંબા ગાળાની અસરો અંગે ચિંતાઓ; એન્જિનની સુસંગતતા, કોલ્ડ-સ્ટાર્ટની સમસ્યાઓ અને ૨૦૨૩ પહેલાના વાહનોમાં ઝડપી ઘસારો; જૂના વાહનોમાં ઈન્જેક્ટર બ્લોક થવા, ફ્યુઅલ લાઈનમાં કાટ લાગવા અને રબરના ભાગો તૂટી જવાના વધતા કિસ્સાઓ એમ રમેશે X પર જણાવ્યું હતું.

નાગપુરમાં સોમવારે યુથ કોંગ્રેસના કાર્યકરોએ E20 બળતણના મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના નિવાસસ્થાન ઘેરાવ કરવા માટે કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેઓને રોક્યા હતા, જેના પરિણામે વિરોધ કરનારા ઘણા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ 'મોરચો' શહેરના મહાલ વિસ્તારમાં આવેલા ચિટનિસ પાર્ક સ્ક્વેરથી શરૂ થઈને તે જ વિસ્તારમાં આવેલા ગડકરીના ખાનગી નિવાસસ્થાન સુધી યોજાયો હતો, જેમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ E20 બળતણની બિનવ્યવહારુતા અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા.

પેટ્રોલ, ડીઝલ, ATF પરનો વિન્ડફોલ ગેઇન્સ ટેક્સ સરકારે વધાર્યો

નવી દિલ્હી, તા. ૩(PTI): સરકારે સોમવારથી શરૂ થતા પખવાડિયા માટે પેટ્રોલ, ડીઝલ અને ATF(વિમાનના બળતણ)ની નિકાસ પર વિન્ડફોલ ગેઇન્સ ટેક્સ (અણધાર્યા નફા પરનો કર) વધાર્યો છે. ડીઝલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યુટી(SAED)નો દર પ્રતિ લીટર રૂ. ૧૫.૫ થી વધારીને રૂ. ૨૫.૫ કરવામાં આવ્યો છે. ATF ની નિકાસ પર SAEDનો દર પહેલાના રૂ. ૧૪.૫ ની સામે રૂ. ૨૨ પ્રતિ લીટર રહેશે. પેટ્રોલની નિકાસ પરની ડ્યુટી ૧૬ જુલાઈના રોજ વસૂલવામાં આવેલા રૂ. ૨.૫ પ્રતિ લીટરથી વધારીને રૂ. ૩.૫ પ્રતિ લીટર કરવામાં આવી છે. નાણા મંત્રાલયે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે ડ્યુટીમાં કરાયેલો વધારો ૩ ઓગસ્ટથી અમલી બનશે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે સરકારે ૨૭ માર્ચે ડીઝલ અને ATF પર નિકાસ જકાત લાદી હતી અને દર પખવાડિયે આ દરમાં સુધારો કર્યો હતો.

૧૬ મેથી આ ટેક્સ પેટ્રોલની નિકાસ પર પણ લાદવામાં આવ્યો હતો. મંત્રાલયે એ પણ સ્પષ્ટ કર્યું છે કે સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરવામાં આવતા પેટ્રોલ અને ડીઝલ પરના હાલના ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

નીટ પ્રશ્નપત્રના પ્રિન્ટિંગથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની પ્રક્રિયા રજૂ કરાશે : કેન્દ્ર

સરકાર સમગ્ર પદ્ધતિ સમજાવીને તેને સોગંદનામા દ્વારા રેકોર્ડ પર મૂકવા માગે છે : સોલિસિટર જનરલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું

નવી દિલ્હી, 3 ઓગસ્ટ (PTI): કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે નીટ પરીક્ષાના પ્રશ્નપત્રના પ્રિન્ટિંગથી લઈને વિદ્યાર્થીઓ સુધી પહોંચવા સુધીની સમગ્ર પ્રક્રિયા અને તેમાં લેવાયેલા સુરક્ષાત્મક પગલાંને રેકોર્ડ પર મૂકવા માંગે છે.

જસ્ટિસ પી એસ નરસિમ્હા અને જસ્ટિસ અલોક અરાધેની બેન્ચ સમક્ષ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સરકાર આ પદ્ધતિ સમજાવવા માંગે છે અને તેને એફિડેવિટ દ્વારા રેકોર્ડ પર મૂકવા માંગે છે. મહેતાએ ગુરુવાર અથવા શુક્રવારે સુનાવણી હાથ ધરવા વિનંતી કરી હતી. બેન્ચે મહેતાને જણાવ્યું કે તે પણ આ પ્રક્રિયા જાણવા માંગે છે અને નીટના પ્રશ્નપત્રો માટે વધારાની સુરક્ષાની માંગ કરતી અરજીઓની સુનાવણી ગુરુવાર પર મુલતવી રાખી હતી. મહેતાએ ઉમેર્યું હતું કે આ અંગેનું એફિડેવિટ દિવસ દરમિયાન દાખલ કરવામાં આવશે.

અગાઉ 27 જુલાઈના રોજ, રાષ્ટ્રીય જનતા દળના નેતાઓની અરજી પર વાત કરતાં જણાવવામાં આવ્યું હતું કે નીટ પરીક્ષા ઓનલાઈન યોજવા અંગે નંદન નિલેકણીના નેતૃત્વ હેઠળની હાઈ-પાવર્ડ ટાસ્ક ફોર્સ શું સુઝાવ આપે છે તે જોવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું હતું કે પરીક્ષાને ફિઝિકલ મોડમાંથી ઓનલાઈન મોડમાં શિફ્ટ કરતી વખતે કેટલાક બિન-પરંપરાગત સૂચનોની જરૂરિયાત છે.

ત્યારે પણ કેન્દ્ર તરફથી હાજર રહેલા તુષાર મહેતાએ બેન્ચને માહિતી આપી હતી કે કેન્દ્ર સરકારે વારંવાર પેપર લીક થવાની ઘટનાઓને ખૂબ જ ગંભીરતાથી લીધી છે અને એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી હતી અને આ સમિતિના અધ્યક્ષ ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાત નંદન નિલેકણી છે.

સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા વધારવા માટેનો ખરડો લોકસભામાં ચર્ચા વિના પસાર

ખરડો રજૂ કરાયા બાદ ચર્ચા માટે સભ્યોને વિનંતી કરાઇ, પણ વિવિધ મુદ્દે વિપક્ષની નારેબાજી ચાલુ રહી

ઘોંઘાટ વચ્ચે ચર્ચા વિના જ ખરડો પસાર કરી દેવાયો, ત્યારબાદ ગૃહ દિવસભર માટે મોકૂફ

નવી દિલ્હી, તા. ૩(PTI): વિપક્ષી સભ્યો દ્વારા NEET પેપર લીક અને રામ મંદિરના દાનની કથિત ચોરીના મુદ્દે ચાલુ રાખવામાં આવેલા નારેબાજી વચ્ચે લોકસભાએ સોમવારે સુપ્રીમ કોર્ટના જજની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરનારા વટહુકમના સ્થાને એક બિલ કોઈ ચર્ચા વગર પસાર કર્યું હતું.

ગયા અઠવાડિયે, જન્મ અને મૃત્યુ નોંધણી અંગેના કાયદામાં સુધારો કરવાનો ખરડો પણ આવી જ પરિસ્થિતિઓ વચ્ચે લોકસભામાં કોઈ પણ ચર્ચા વિના પસાર કરવામાં આવ્યો હતો. વટહુકમ બહાર પાડવાની ટીકા કરતા વિપક્ષી સભ્યો દ્વારા લાવવામાં આવેલો વૈધાનિક પ્રસ્તાવ પણ ધ્વનિ મત દ્વારા ફગાવી દેવામાં આવ્યો હતો. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલની ટૂંકી પ્રારંભિક ટિપ્પણીઓ પછી, અધ્યક્ષે સભ્યોને વૈધાનિક પ્રસ્તાવ પર બોલવા માટે વિનંતી કરી હતી, પરંતુ નારેબાજી ચાલુ રહેતા, બિલને મતદાન માટે મૂકવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને મંજૂરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા ખરડો, ૨૦૨૬ પસાર થયા પછી, ગૃહ દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું હતું. આ બિલ ૨૦ જુલાઈના રોજ રજૂ કરવામાં આવ્યા પછી લગભગ દરરોજ કાર્યસૂચીમાં સૂચિબદ્ધ હતું, પરંતુ વિચારણા અને પસાર કરવા માટે આવી શક્યું ન હતું. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે જજો વધારેલી સંખ્યા એ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ કેસોનો નિકાલ કરવા માટેના સૌથી અતિ આવશ્યક અને વ્યવહારુ ઉકેલોમાંથી એક છે. મે મહિનામાં, કેન્દ્રીય કેબિનેટે સર્વોચ્ચ અદાલતની મંજૂર કરાયેલી સંખ્યા વધારવાના ખરડાને લીલી ઝંડી આપી હતી, પરંતુ ટૂંક સમયમાં જ સરકાર વટહુકમ લાવી હતી. વટહુકમ પછી, અપગ્રેડ કરાયેલ મંજૂર સંખ્યાના આધારે સર્વોચ્ચ અદાલતમાં પાંચ ન્યાયાધીશોની નમણૂક કરવામાં આવી હતી.

ADMISSION ANNOUNCEMENT
SLIMS
SOMLALIT INSTITUTE OF MANAGEMENT STUDIES Invites applications for Vacant Quota Seats for MBA programme 2026. Application Forms available and accepted till 11-08-2026 (Tuesday) till 2.00 PM. Merit list will be displayed on 12-08-2026 followed by counselling on 13-08-2026. Last date of admission on 14-08-2026. Form Fees Rs. 500/-.
Somlalit Institute of Management Studies Nr. St. Xavier's College, Navrangpura, Ahmedabad-380009, Gujarat
Email : info@somlalit.org;
Mobile : 7383632936,
Tele.: 079-26303301-02-03

અમેરિકામાં ૧૩ વર્ષના છોકરાએ હવામાંથી પાણી બનાવતું યંત્ર શોધ્યું

આ યંત્ર પાણીની તંગી ભોગવતા વિસ્તારોના ખેડૂતોને ઉપયોગી થાય તેવી આશા

બીવર્ટન(અમેરિકા), તા. ૩: દુનિયાભરમાં દુષ્કાળની સમસ્યા વધુ ગંભીર બની રહી છે, ત્યારે અમેરિકાના ઓરેગોન રાજ્યના એક ૧૩ વર્ષના વિદ્યાર્થીએ એક એવી શોધ કરી છે જે ખેડૂતોને હવામાંથી પાણી બનાવવામાં મદદ કરી શકે છે.

બીવર્ટનની વ્હાઇટફોર્ડ મિડલ સ્કૂલના વિદ્યાર્થી રોય કિમ દ્વારા એક એવું ચેમ્બર તૈયાર કરાઇ છે જે વાતાવરણમાંથી ભેજ ખેંચીને તેને સિંચાઈ માટે પાણીમાં રૂપાંતરિત કરે છે. તેમની આ નવતર શોધ માટે તેમને ૨૦૨૬ના '3M યંગ સાયન્ટિસ્ટ ચેલેન્જ'ના ટોચના ૧૦ રાષ્ટ્રીય ફાઇનલિસ્ટ્સમાં સ્થાન મળ્યું છે. રોયની આ શોધમાં 'પેલટીયર મોડ્યુલ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ એક એવું ઉપકરણ છે જે વીજળી આપતાં જ તાપમાનમાં તફાવત ઊભો કરે છે.

હરિદ્વારથી પરત આવતી મહિલા કાવડયાત્રાળુએ જોડિયાં બાળકને જન્મ આપ્યો

મહિલાને કાવડ યાત્રામાં અચાનક પ્રસવ પીડા ઉપડતા મુઝફ્ફરપુરની હોસ્પિટલમાં દાખલ કરાઇ

મુઝફ્ફરનગર (યુપી), તા. 3 (પીટીઆઈ): ગંગા નદીનું પવિત્ર જળ લઈને હરિદ્વારથી પરત ફરી રહેલી દિલ્હીની એક મહિલા કાવડયાત્રાળુએ સોમવારે મુઝફ્ફરનગરમાં જોડિયા પુત્રોને જન્મ આપ્યો હતો. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નેહા નામની મહિલાને કાવડ યાત્રા દરમિયાન અચાનક પ્રસવપીડા ઉપડી હતી, ત્યાર બાદ પોલીસકર્મીઓને જાણ કરવામાં આવી હતી અને તેને નજીકની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "માહિતી મળતાં જ મુઝફ્ફરનગર પોલીસની ટીમે સિટી સાયન્ટિફિક સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (સિટી) અમૃત જૈન અને આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સિદ્ધાર્થ કે મિશ્રાની આગેવાની હેઠળ સગર્ભા કાવડયાત્રાળુને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી હતી."

DEBTS RECOVERY TRIBUNAL-II,
Government of India
(Ministry of Finance, Department of Financial Service)
BEFORE THE RECOVERY OFFICER
4th Floor, Bhikhubhai Chambers,Opp.Deepak Petrol Pump. Ellisbridge, Ahmedabad, Gujarat PIN-380006

FORM NO. 14 [See Regulation 33(2)]

RP/RC No.	88/2025	OA No.	814/2021
BANK OF BARODA		Certificate Holder Bank	
Vs.			
SMT. KAJALRANI RAMJIBHAI RADADIYA		Certificate Debtors	

DEMAND NOTICE

To, C.D.No.1: Smt. Kajalrani Ramjibhai Radadiya,
No.32, Ground Floor, Narayannagar, Pareva Circle, Limbayat, Surat - 394 210. And also at: 33, Ganeshpark Society, Singapore Road, Causeway, Surat-394 210.
C.D.No.2: Mr. Dalsukhbhai Shamjibhai Kheni,
A-5, 304, Saurashtra Township, Mota Varachha, Surat.
And also at: Plot No. 59, Aaradhana Sky Park, Vibhag-I, R. S. 338/1 i.e. Block No. 349, Village: Kareli , Palsana, District: Surat.

In view of the Recovery Certificate issued in **OA No. 814/2021** passed by the Hon'ble Presiding Officer, Debts Recovery Tribunal-II, Ahmedabad, an amount of **Rs.27,90,663.88/- (Rupees: Twenty Seven Lac Ninety Thousand Six Hundred Sixty Three and Eighty Eight Paisa Only)** including interest as on 18/10/2021 and further interest from (next date) 19/10/2021 plus cost of Rs.55,000/- is due against you (Less Recovery, if any).
You are hereby called upon to deposit the above sum within 15 days of the receipt of the notice, failing which the recovery shall be made as per rules.
In additions to the sum aforesaid you will be liable to pay:
(a) Such interest and cost as in payable in terms of Recovery Certificate.
(b) All costs, charges and expenses incurred in respect of the service of this notice and other process that may be taken for recovering the amount due.
Given under my hand and the seal of the Tribunal, this day 20.06.2026.

Next Date: 25/08/2026.
(RAJESH KUMAR SHARMA)
RECOVERY OFFICER - II
DEBTS RECOVERY TRIBUNAL -II, AHMEDABAD
SEAL

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
એપીએમસી ડુંભાલ શાખા : કિરણ મોટર્સ પાસે, પુણા–કુંભારીઆ રોડ, ડુંભાલ, સુરત ફોન. ૦૨૬૧– ૨૩૩૩૫૭૭, ૨૩૬૩૫૭૭
Email : dumsur@bankofbaroda.com

કબજા નોટીસ ધારા ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)
સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૮.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદાર/ગીરવેદાર **શ્રી ઈશ્વર ગોપાલ લાલ પ્રજાપતિ (દેવાદાર) શ્રીમતી સમ્પતી ગોપાલ લાલ પ્રજાપતી (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૬૪,૮૮૩/– (અંકે રૂા. તેર લાખ ચોસઠ હજાર આઠસો ત્યાંશી પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૩૦મી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.
દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
ખાસ દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૩,૬૪,૮૮૩/– વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન
પ્લોટ નં. ૧૭૪, ગૃહમ એશ્રોટીકા, બ્લોક નં.૨૬૬, ગામ.કરમલા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૨૦૭, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૧૭૩, **દક્ષિણ તરફ** : રોડ આવેલ છે.

તા. ૩૦.૦૭.૨૦૨૬
સ્થળ : સુરત
અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, એપીએમસી ડુંભાલ શાખા, સુરત

100% સુધીની છૂટ
દાગીનાની ઘડામણ પર
KALAMANDIR
સુવર્ણ મહોત્સવ 4.0
આજનો 22 kt સોનાનો ભાવ
1,30,790/-
ડાયમંડ | પ્લેટિનમ | પોલકી | એન્ટિક | ગોલ્ડ
મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા
Contact No. +91 95109 70230

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::
મોજે : ખરચ, તા. હાંસોટ, જી. ભરૂચના જુના બ્લોક નં. ૪૩૫ કે જેના નવા બ્લોક નં. ૪૯૧ વાળી બીન ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ : ૨૧૮૨૨ ચો.મી. છે તે જમીન મનોજકુમારસિંહ આધાપ્રસાદસિંહે પોતાની માલીકીની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સબબ સદરહુ જમી